# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-05-2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. બુદ્ધ પૂર્ણિમાના અવસર પર, ગૃહમંત્રી અમિત શાહે લેહના જીવત્સલ ખાતે ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું.
2. સરકારે નાગરિકતા (સુધારા) નિયમો, 2026 ને સૂચિત કર્યા.
3. ગુજરાતનાં સુરતમાં આજે ત્રીજી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ શરૂ થઈ.
4. હવામાન વિભાગએ વિવિધ રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી.
5. આઇપીએલ ક્રિકેટમાં રાજસ્થાન રોયલ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો.

...............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# RELICS SHAH LEH-VOICE CAST

બુદ્ધ પૂર્ણિમાના અવસર પર, ગૃહમંત્રી અમિત શાહે આજે લેહના જીવત્સલ ખાતે ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું. અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે આ પવિત્ર અવશેષો 75 વર્ષ પછી લદ્દાખ પરત ફર્યા છે.

(BYTE –AKSHAT)

આ પહેલી વાર છે જ્યારે આ પવિત્ર અવશેષોને દેશની અંદર પ્રદર્શન માટે તેમના બહાર લાવવામાં આવ્યા છે. આ પ્રદર્શન 14મી મે સુધી લદ્દાખમાં યોજાશે.

# MHA- CITIZENSHIP

સરકારે નાગરિકતા (સુધારા) નિયમો, 2026 ને સૂચિત કર્યા છે. આ નિયમો હેઠળ, OCI કાર્ડ નોંધણી હવે સંપૂર્ણપણે ડિજિટલ હશે. નવા નિયમોમાં ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (OCI) કાર્ડધારકો, બાયોમેટ્રિક-આધારિત ફાસ્ટ-ટ્રેક ઇમિગ્રેશન અને સગીરો માટે ડ્યુઅલ પાસપોર્ટ પર પ્રતિબંધ જેવી જોગવાઈઓ શામેલ છે.સાંભળીએ એક અહેવાલ

(BYTE-FARHAT)

# WB CEO-POLL COUNTING

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ અગ્રવાલે મતગણતરી કેન્દ્રો પર ગોટાળાના મુખ્યમંત્રી મમતા બેનર્જીના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે,આકાશવાણી સાથેની એક ખાસ મુલાકાતમાં તેમણે કહ્યું કે તમામ મતગણતરી કેન્દ્રો પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે અને કડક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પૂરતા કેન્દ્રીય દળો તૈનાત કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે કોઈપણ પ્રકારની ફરિયાદ નિર્ધારિત માધ્યમો દ્વારા નોંધાવી શકાય છે. તેમણે કહ્યું કે ચૂંટણી પછીની હિંસાનો સામનો કરવા માટે કમિશન તમામ શક્ય પગલાં લઈ રહ્યું છે. શ્રી અગ્રવાલે કહ્યું કે કેટલીક જગ્યાએ છૂટાછવાયા બનાવો બન્યા છે અને આ સંદર્ભમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# DAY JABALPUR BOAT TRAGEDY

મધ્યપ્રદેશના, જબલપુરમાં બોટ પલટી જવાની ઘટનામાં મૃત્યુઆંક વધીને 9 થયો છે. 39 મુસાફરોને લઈ જતી બોટ તોફાની મોજામાં ફસાઈ ગયા બાદ ખમરિયા ટાપુ નજીક બરગી નદીમાં ડૂબી જતાં બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે 4 પ્રવાસીઓ હજુ પણ ગુમ છે.

SDRF, પોલીસ અને હોમગાર્ડ્સની ટીમો સંયુક્ત રીતે રાહત અને બચાવ કામગીરી કરી રહી છે. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે આ દુર્ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યું છે અને મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, આ મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અકસ્માતમાં એવું જોવા મળ્યું હતું કે કેટલાક લોકોએ તેમના લાઇફ જેકેટ યોગ્ય રીતે પહેર્યા ન હતા.

આ ઘટના અંગે શોક વ્યક્ત કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે, સ્થાનિક વહીવટીતંત્ર અસરગ્રસ્તોને મદદ કરી રહ્યું છે. દરેક મૃતકના પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ અને ઘાયલને 50 હજાર રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી છે. ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ આ ઘટનામાં થયેલ જાનહાનિ પર દુ:ખ વ્યક્ત શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પણ આશા વ્યક્ત કરી છે.

# MAHA-CENSUS EXERCISE

મહારાષ્ટ્રમાં આજે રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્મા દ્વારા ઔપચારિક વ્યક્તિગત રીતે હાથ ધરવામાં આવનાર વસ્તી ગણતરી અભિયાનનો રાજ્યના સ્થાપના દિવસ પ્રારંભ કરાયો. રાજ્યપાલે નાગરિકોને આ અભિયાનમાં સક્રિયપણે ભાગ લેવા વિનંતી કરી.

રાજ્યના મુખ્ય વસ્તી ગણતરી અધિકારી, ડૉ. નિરુપમા ડાંગેએ જણાવ્યું હતું કે આ અભિયાન માટે 2 લાખ 50 હજારથી વધુ કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મુંબઈમાં તેમના સત્તાવાર નિવાસસ્થાન, વર્ષા ખાતે વ્યક્તિગત રીતે વસ્તી ગણતરી હાથ ધરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# GUJARAT-VGRC SURAT

સુરતમાં AURO યુનિવર્સિટી ખાતે આજે ત્રીજી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ શરૂ થઈ. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રીઓ હરદીપ સિંહ પુરી અને સીઆર પાટીલ હાજર રહ્યા હતા.

સભાને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે ભારત પ્રોસેસ્ડ ફૂડના વિશ્વના પાંચમા સૌથી મોટા નિકાસકાર તરીકે ઉભરી આવ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે વૈશ્વિક પુરવઠા શૃંખલામાં વિક્ષેપો અને વધતા નૂર ખર્ચ છતાં, સરકારે સ્થિર છૂટક ઊર્જા ભાવ જાળવી રાખ્યા છે, જે સામાન્ય નાગરિક પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# INDIA-TANZANIA TRADE COMMITTEE

દ્વિપક્ષીય વેપાર, રોકાણ અને આર્થિક સહયોગને વધુ મજબૂત બનાવવા માટે બે દિવસીય ભારત-તાંઝાનિયા સંયુક્ત વેપાર સમિતિનું પાંચમું સત્ર તાંઝાનિયામાં પૂર્ણ થયું. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું કે આ સત્રમાં ઓગસ્ટ 2017 માં નવી દિલ્હીમાં યોજાયેલી છેલ્લી સત્ર પછી થયેલી પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર 2024-25 માં 8 બિલિયન ડોલરથી વધીને 2025-26 માં 9 બિલિયન ડોલરથી વધુ થવાનો અંદાજ છે.

બેઠક દરમિયાન ચર્ચાઓમાં સ્થાનિક ચલણોમાં વેપાર સમાધાનને પ્રોત્સાહન આપવા, ભારતીય વેપારીઓ માટે લાંબા ગાળાના વ્યવસાય વિઝાની સુવિધા આપવા, ફાર્માસ્યુટિકલ્સમાં નિયમનકારી સહયોગને મજબૂત બનાવવા અને આરોગ્ય, આયુષ, શિક્ષણ અને જહાજ નિર્માણના ક્ષેત્રોમાં ક્ષમતા નિર્માણનો પણ સમાવેશ થાય છે.

# IMD - WEATHER DAY

ભારતીય હવામાન વિભાગએ આવતીકાલે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે અને આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન આસામ, મેઘાલયમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે બિહારમાં કાલે ૫૦-૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકવાની સાથે ગાજવીજ સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

આ દરમિયાન, હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન પશ્ચિમ રાજસ્થાનમાં અલગ અલગ સ્થળોએ ભારે ગરમી રહેવાની શક્યતા પણ વ્યક્ત કરી છે . આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં આવતીકાલે ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની ધારણા છે.

# US-INDIAN ANTIQUITIES

મેનહટન ડિસ્ટ્રિક્ટ એટર્ની એલ્વિન બ્રેગે જાહેરાત કરી હતી કે અમેરિકાએ આશરે 14 મિલિયન ડોલર ની કિંમતની 657 ચોરાયેલી કલાકૃતિઓ ભારતને પરત કરી છે. ન્યૂ યોર્કમાં ભારતીય કોન્સ્યુલેટના કોન્સ્યુલ જનરલ રાજલક્ષ્મી કદમ દ્વારા હાજરી આપેલા એક સમારોહમાં આ કલાકૃતિઓ પરત કરવામાં આવી હતી. એક અહેવાલ મુજબ, દાણચોરી નેટવર્ક્સની અનેક તપાસ બાદ આ કલાકૃતિઓ મળી આવી હતી.

(BYTE –SARFEROZI)

# IPL CRICKET

આઈપીએલ ક્રિકેટમાં આજે રાજસ્થાન રોયલ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે જયપુરના સવાઇ માનસિંહ સ્ટેડિયમમાં મેચ રમાઈ રહી છે. રાજસ્થાન રોયલ્સએ ટોસ જીતી બેટિંગ કરવાનો નિર્ણય કર્યો છે. છેલ્લા મળતા અહેવાલ પ્રમાણે રાજસ્થાન રોયલ્સએ 4 ઓવરમાં 2 વિકેટે 29 રન બનાવ્યા હતા.

હાલમાં, રાજસ્થાન રોયલ્સ પોઈન્ટ ટેબલ પર ચોથા અને દિલ્હી કેપિટલ્સ સાતમા સ્થાને છે.

# LEDC MEETING-I&B

લાઈવ ઈવેન્ટ્સ ડેવલપમેન્ટ સેલ (LEDC) ની ચોથી બેઠક માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ ચંચલ કુમારની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં યોજાઈ હતી. આ બેઠકમાં નવ કેન્દ્રીય મંત્રાલયો, છ રાજ્યો અને 12 ઉદ્યોગોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

શ્રી કુમારે કહ્યું કે લાઈવ ઈવેન્ટ્સ ક્ષેત્ર મીડિયા અને મનોરંજન ઉદ્યોગના સૌથી ઝડપથી વિકસતા ક્ષેત્રોમાંનું એક છે. તે રોજગાર સર્જન, પર્યટન પ્રમોશન અને સંલગ્ન ક્ષેત્રોમાં આર્થિક વિકાસમાં નોંધપાત્ર ફાળો આપે છે.

# COAS-ARMENIA

આર્મેનિયાના સશસ્ત્ર દળોના ચીફ ઓફ જનરલ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ એડ્યુઅર્ડ આસ્ર્યાને આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી સાથે મુલાકાત કરી. ભારતીય સેનાએ એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે આ બેઠકમાં વર્તમાન ભૂ-વ્યૂહાત્મક પરિસ્થિતિ, ભારત-આર્મેનિયા સંરક્ષણ સહયોગને મજબૂત બનાવવા, લશ્કરી જોડાણ વધારવા અને પરસ્પર હિતના ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.